ગાંધીનગર સમાચાર

**૦ થી ૬ વર્ષના બાળકોમાં સેક્સ રેસિયામાં ગાંધીનગર રાજ્યમાં છેલ્લેથી બીજા ક્રમે**





ઈદ મુબારક - શહેરમાં ઈદ -ઉલ-ફિત્ર નિમિત્તે ઈદગાહ પર મુસ્લિમ બિરાદરોએ પવિત્ર નમાઝ અદા કરી હતી... રમઝાન ઈદના પાવન પર્વે શહેરના મુસ્લિમ પરિવારો ચરેડી પાસેની ઈદગાહ પર અલ્લાહની પાસે સુખ-શાંતિ માટે બંદગી કરી હતી... નમાઝ બાદ પ્રત્યેક બિરદારો એક-મેકને ગળે ભેટીને ઈદની મુબારકબાદી પાઠવી હતી... રમઝાન માસના ૩૦ રોઝા બાદ ઉલ્લાસપૂર્વક ઈદની ઉજવણી કરાઈ હતી...

# શહેરના ત્રણ મુખ્ય માર્ગો પર ફલાય ઓવર બનશે

## ૧૫૦ કરોડનો ખર્ચ થશે : ઘ, ચ અને ખ માર્ગ પર ફ્લાય ઓવર બનાવાની કાર્યયોજના હાથ ધરાશે

ગાંધીનગર તા ૭

શહેરના મુખ્ય ત્રણ માર્ગોને અનુલક્ષી ફલાય ઓવર બનાવાની યોજનાને મંજુરી આપી દેવામાં આવી છે. કેન્દ્રીય મંત્રીને રાજયના માર્ગ મકાન વિભાગ મંત્રી કક્ષાએથી રજુઆત કરવામાં આવી હતી જે અન્વયે શહેરના ઘ-૦ ,ચ-૦ તેમજ ખ-૦ માર્ગ પર ફલાય ઓવર બનાવામાં આવશે આ માટે ૧૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગરના રોડ નેટવર્કને અપગ્રેડ કરવા માટે તબક્કાવાર વિવિધ કામોને મંજુરી આપવામાં આવી રહી છે. જયારે હાલ શહેરના ખ માર્ગને સિકસલેન બનાવાનુ કામ પણ ચાલી રહયુ છે. જયારે બીજા તબક્કામાં ગ માર્ગને પણ સિકસલેન બનાવાની કાર્યયોજના હાથ ધરવામાં આવશે. વધતી વસતી અને વિકાસના નવા આયામો વચ્ચે માર્ગ સલામતી તેમજ ટ્રાફિકના નિયંત્રણ માટે રોડ નેટવર્કને અપગ્રેડ કરવાનુ અનિવાર્ય બન્યુ છે. ત્યારે શહેરના ત્રણ મુખ્ય માર્ગોને અનુલક્ષી ફલાય ઓવર બનાવાની કાર્યયોજનાને કેન્દ્રીય મંત્રી દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે. આ મામલે રાજયના માર્ગ મકાન મંત્રી નિતીન પટેલે કેન્દ્રીય મંત્રી સમક્ષ રજુઆત પણ કરી હતી જે અન્વયે આ કાર્યયોજનાને મંજુરી આપવામાં આવી છે. જેમાં સરખેજ ગાંધીનગર ચિલોડા હાઈવે ને સિકસલેન કરવાના કામને પણ મંજુરી આપવામાં આવી છે.સાણંદ ,ઉજાલા,પકવાન અને

● અનુસંધાન પાન-૭ પર

## વરસાદી પાણીના ખાબોચિયામાં મેલેરિયા વિરોધી દવાનો છંટકાવ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં ૪૮૨ જેટલા સ્થાનોએ વરસાદી પાણી ભરાઈ રહેતાં શહેરી મેલેરિયા તંત્રએ આ ખાબોચિયાઓમાં બાયોલાર્વીસાઈડ દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

વરસાદી પાણીના ભરાવાથી મચ્છરોની ઉત્પત્તિ થતી અટકાવવા તંત્રએ આ કામગીરી કરી હતી.

તંત્રએ સે. ૨૯, ૨૭, ૨, ૧૨, ૧૩ અને ૧૭માં ૩૮૭૨ જેટલા ઘરોમાં પણ ચકાસણીની કામગીરી હાથ ધરી હતી. જેમાં ૭૦૫૮ જેટલા પાત્રોની ચકાસણી કરતાં ૧૧૭ જેટલા પાત્રોમાંથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરના લારવા મળી આવ્યા હતા.

તંત્રની ટીમે તાત્કાલિક એન્ટી લારવેલની કામગીરી કરી લારવાઓનો નાશ કર્યો હતો.

ગાંધીનગર શહેર ડેન્ગ્યુ માટે સંવેદનશીલ વિસ્તારોની યાદીમાં મુકાયુ હોવાથી તંત્ર આ વખતે ભારે સતર્કતા સાથે તેની કામગીરીને આગળ ધપાવી રહેલ છે. જો કે તંત્રએ અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ સ્થાનોએ એન્ટી લારવેલની કામગીરી કરી છે. જ્યાંથી એડીસ મચ્છરોના પોરા અને લારવા મળી આવ્યા હતા.

## આજથી જિલ્લામાં અઢી હજાર વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપશે

ગાંધીનગર તા ૭

ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે આજથી પુરક પરિક્ષા શરૂ થશે. જિલ્લામાંથી અઢી હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જેમાં ધોરણ ૧૦માં ૧૧૩૭ ,ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૨૦૦ અને સામાન્ય પ્રવાહમાં ૩૬૫ પરીક્ષાર્થીઓ હાજરી આપશે. ગત માર્ચ મહીનામાં શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષામાં બે કે તેથી ઓછા વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ માટે પરીક્ષા આપશે.

ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધોરણ ૧૦અને ૧૨ ની પરીક્ષાના અંતે બોર્ડ દ્વારા જાહેર થયેલા પરિણામ દરમિયાન એકાદ વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ માટે દરવર્ષે બોર્ડ દ્વારા પુરક પરીક્ષા લેવામાં આવે છે. જ મુજબ આ વખતે પણ તા ૮ જુલાઈથી બોર્ડ દ્વારા પુરક પરીક્ષા લેવામાં આવશે. જેમાં ધોરણ ૧૦માં ૧૧૩૭,ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૨૦૦ તેમજ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૬૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જિલ્લામાંથી અઢી હજાર જેટલા વિદ્યાર્થીઓની પરીક્ષા માટે યોગ્ય બેઠક વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. તા ૮ થી ૧૧ જુલાઈ દરમિયાન યોજાનારી બોર્ડ પરીક્ષામાં ધોરણ ૧૦ માટે ત્રણ બિલ્ડીંગમાં ૩૮ બ્લોક ફાળવવામાં આવ્યા છે. જેમાં ૧૦૬૬ વિદ્યાર્થીઓ ગણિત વિષયની પરીક્ષા આપશે.

વિજ્ઞાન પ્રવાહમાં ૧૧૫૭ વિદ્યાર્થીઓ કેમેસ્ટ્રી વિષયની પરીક્ષા આપશે. તા ૧૦ જુલાઈના રોજ બપોરે ત્રણ કલાકે ત્રણ બિલ્ડીંગોમાં સામાન્ય પ્રવાહની પરીક્ષા લેવાશે. જિલ્લા શિક્ષણાધિકારી એસ એમ બારડે આ અંગે જણાંવ્યુ હતુ કે પરીક્ષા કેન્દ્રો પર કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવી દેવામાં આવી છે. જયારે આસપાસના ઝેરોક્ષ સેન્ટરો પણ બંધ રાખવામાં આવશે.

## અરવિંદ કેજરીવાલ આવતીકાલે સોમનાથ મંદિરની મુલાકાતે

ગાંધીનગર, તા. ૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આગામી તા. ૯મી જુલાઈના રોજ એક દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. ત્યારે તેવો



સવારના ૮.૧૫ વાગ્યે રાજકોટ એરપોર્ટ આવશે. જ્યાં કાર્યકર્તાઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવશે. ત્યાર બાદ ૧૦ વાગ્યે તેવો સોમનાથ મહાદેવના દર્શન કરવા રાજકોટથી નીકળી એક વાગ્યાની આસપાસ સોમનાથ મહાદેવ મંદિર પહોંચશે. સોમનાથ મહાદેવના દર્શન કર્યા બાદ તેવો સોમનાથમાં અને રાજકોટ પરત ફરતી વખતે કેશોદ-જૂનાગઢ અને જેતલસર ખેડૂતો સાથે સંવાદ કરશે અને તેમની સમસ્યાઓ સાંભળી અને રાજકોટ પરત ફરશે.

## ૦ થી ૬ વર્ષના બાળકોમાં સેક્સ રેસિયામાં ગાંધીનગર રાજ્યમાં છેલ્લેથી બીજા ક્રમે

### ૨૦૧૧ની વસતી ગણતરીના ચોંકાવનારા તારણમાં બહાર આવેલી વિગતો : ૧૮૫ જેટલા બ્લોક્સ્માં આ પ્રમાણ જિલ્લાની સરેરાશ કરતાં પણ ઓછુ જણાયુ

ગાંધીનગર, તા. ૭

૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે ગાંધીનગર જિલ્લો ૦ થી ૬ વર્ષના બાળકોના સેક્સ રેસિયા પ્રમાણમાં રાજ્યમાં છેલ્લેથી બીજે ક્રમે આવતુ હોવાનું ચોંકાવનારૂ તારણ આવ્યુ છે.

૦ થી ૬ વર્ષના બાળકોમાં સેક્સ રેસિયાનું પ્રમાણ ૮૪૭ જણાયુ છે. જો કે જિલ્લા તંત્રએ દાવો કર્યો છે કે ૨૦૦૧ની વસતી ગણતરીની તુલનામાં તેમાં સારો એવો સુધાર કરવામાં સફળતા મળી છે. ૨૦૦૧માં આ પ્રમાણ ૮૧૬ હતુ.

તંત્રના સૂત્રોના કહેવા મુજબ બેટી વધાવો સહિતની યોજનાઓના અસરકારક અમલીકરણને પગલે ૨૦૧૩-૧૪માં તે ૮૭૫ સુધી લઈ જઈ શકાયુ છે તો ૨૦૧૪-૧૫માં તે ૮૮૫ અને ૨૦૧૫-૧૬માં ૮૯૬ સુધી સુધારો નોંધાયો છે. ૨૦૧૧ની વસતી ગણતરીના રજુ થયેલા તારણો મુજબ જિલ્લાના ૧૮૫ જેટલા બ્લોક્સ્ એવા હતા જ્યાં સ્ત્રી જન્મદરનું પ્રમાણ જિલ્લાની સરેરાશ કરતાં પણ ઓછુ જોવા મળ્યું હતું.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૬૦ જેટલા બ્લોક્સ્, કલોલમાં ૩૭ બ્લોક્સ્, માણસામાં ૩૦ બ્લોક્સ્ અને દહેગામમાં ૫૮ બ્લોક્સ્માં આ પ્રમાણ ઓછુ જોવા મળ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર




**બેસણું**

અમારા પૂ. પિતાશ્રી / ભાઈશ્રી **ચંદુલાલ શંકરલાલ પંડ્યા (સુંઢિયાવાળા)**નું તા. ૪/૭/૨૦૧૬ને સોમવારે દુઃખદ અવસાન થયું છે. **સદ્‌ગતનું બેસણું તા. ૯/૭/૨૦૧૬ને શનિવારે સવારે ૮-૦૦ થી ૧૨-૦૦** સુધીમાં રાખેલ છે.

**સ્થળ : રંગમંચ, સેક્ટર-૨૭, ગાંધીનગર**

લિ.

પંડ્યા શૈલેષભાઈ શંકરલાલ
પંડ્યા સુરેશચંદ્ર શંકરલાલ
પંડ્યા મનુપ્રસાદ શંકરલાલ
પંડ્યા શ્રમિક ઈન્દ્રવદન
પંડ્યા ઈન્દ્રવદન ચંદુલાલ
પંડ્યા નરેન્દ્રભાઈ ચંદુલાલ
પંડ્યા હરેશભાઈ ચંદુલાલ
પંડ્યા દેવાંશુ ઈન્દ્રવદન

(સમસ્ત પંડ્યા પરિવાર, સુંઢિયા)



**ઝિયારત / બેસણું**

અમારા મોટાબેન અમીનાબેન ફકીરભાઈ પરમાર તા. ૦૬/૦૭/૨૦૧૬ને બુધવારના રોજ જન્નત નશીન થયેલ છે. સદ્‌ગતની ઝિયારત તથા બેસણું નીચે મુજબ સ્થળે અને સમયે રાખેલ છે.

**ઝિયારત**: તા. ૦૮-૦૭-૨૦૧૬ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે, જુમ્મા મસ્જીદ પેથાપુર

**બેસણું**: તા. ૦૮-૦૭-૨૦૧૬ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ સુધી
સ્થળ : તરપોજ ચકલા, પેથાપુર, તા.જી. ગાંધીનગર

લી **પરમાર યુસુફભાઈ ઈમામભાઈ**
પૂર્વ ડે.મેયર ગાંધીનગર મહાનગરપાલિકા

હાજી ઈબ્રાહીમભાઈ ઈમામભાઈ
પરમાર દાદુભાઈ ઈમામભાઈ
પરમાર યાકુબભાઈ ઈમામભાઈ
પરમાર ઈકબાલભાઈ ઈમામભાઈ
પરમાર યુનુશભાઈ યુસુફભાઈ
પ્રમુખ સુન્ની મુસ્લીમસમાજ-પેથાપુર
મો. ૯૯૭૯૦૦૬૭૮૬
પરમાર બાબુભાઈ ગુલાબભાઈ
પરમાર યુસુફભાઈ સવાભાઈ
પરમાર સિરાજભાઈ ફકીરભાઈ
પરમાર હારૂનભાઈ ફકીરભાઈ
પરમાર નાસિરભાઈ ફકીરભાઈ
પરમાર મહેમુદભાઈ ફકીરભાઈ
પરમાર કાલુભાઈ ઉમેદભાઈ



**ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બેસણું**

અમારા પૂજ્ય માતૃશ્રી
**કમળાબેન મંગળદાસ ઉપાધ્યાય**
(ઘડી, તા.પ્રાંતિજ) તા.૦૨-૦૭-૨૦૧૬ શનિવારના રોજ વૈકુંઠનીવાસી થયા છે.
સદ્‌ગતનું બેસણું તા.૦૯-૦૭-૨૦૧૬ને શનિવારના રોજ સવારે ૯ થી ૧૧:૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૨૮૯/૧/બી, સ્વીટ હોમ એપાર્ટમેન્ટ, આરાધના સ્કૂલની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર**
**મો. ૯૦૯૯૯ ૪૪૨૮૨**

પ્રદીપ એમ. ઉપાધ્યાય
યોગીના પી. ઉપાધ્યાય
રાજેશ એમ. ઉપાધ્યાય
ઈલા આર. ઉપાધ્યાય
ખુશ્બુ ચિંતનકુમાર ઉપાધ્યાય (પૌત્રી)


## આજથી ૩ દિવસ ભાજપનો પ્રશિક્ષણ વર્ગ

અમદાવાદ, તા.૭

ભાજપના પ્રદેશ પ્રવકતા ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, પ્રદેશ ભાજપ દ્વારા નિર્દિષ્ટ જિલ્લા સ્તરના ચાર તબક્કાના પ્રશિક્ષણ અભ્યાસ વર્ગના પ્રથમ તબક્કાનો પ્રારંભ આવતીકાલ તા. ૮ જુલાઈથી થઈ રહ્યો છે. પંડ્યાએ જણાવ્યું હતું કે, પ્રથમ તબક્કામાં ૬, બીજા તબક્કામાં ૧૧, ત્રીજા તબક્કામાં ૧૪ અને ચોથા તબક્કામાં ૧૨ એમ કુલ ૪૩ જિલ્લા અભ્યાસ વર્ગો યોજાશે. તા. ૮-૯-૧૦ જુલાઈ એમ ત્રિદિવસીય અભ્યાસ વર્ગમાં કુલ ૧૨ સત્રોમાં જિલ્લા સ્તરના ૨૫૦થી વધારે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપવામાં આવશે. આ તબક્કામાં ભરૂચ, વડોદરા જિલ્લો, છોટા ઉદેપુર, જુનાગઢ શહેર, જુનાગઢ જિલ્લો, ગીર સોમનાથનો સમાવેશ થનાર છે એમ પંડ્યાએ જણાવ્યું હતું. આ પ્રશિક્ષણ વર્ગમાં પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણી, મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, રાજય સરકારના મંત્રીઓ, સંગઠનના હોદ્દેદારો ભીખુભાઈ દલસાણીયા, ભાર્ગવભાઈ ભટ્ટ ભરત પંડ્યા સહિત આગેવાનો માર્ગદર્શન આપશે.




શહેરના બગીચા ઉભરાયા - ઈદ-ઉલ-ફિત્રની ઉજવણીના પગલે ગાંધીનગર - અમદાવાદના મુસ્લિમ પરિવારો મોટી સંખ્યામાં શહેરના બગીચામાં આવે છે... રમત-ગમતના સાધનો, રાઈડ્ઝ તથા બોટીંગને મનભરીને માણીને ઈદની ઉજવણી કરી હતી...

## ગટર અને રસ્તાના કામો માટે માત્ર એક જ મદદનીશ ઈજનેર

ગાંધીનગર તા ૭

શહેરમાં ૫૦૦ કી મી માં પથરાયેલી ગટર લાઈન તેમજ ૬૧૩ કી મી ના રોડનેટવર્કની જાળવણી માટે પાટનગર યોજના ભવનના તંત્ર પાસે માત્ર એક જ મદદનીશ ઈજનેર છે. જયારે ૫ ઈજનેરોની જગ્યા ખાલી છે. જેના પરિણામે ગટરલાઈનની જાળવણીનુ કામ મુશ્કેલ બન્યુ છે. સેકટરોમાં વારંવાર ઉઠતી ગટરો ઉભરાવાની ફરિયાદો નિવારવાનુ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે. બીજીતરફ માર્ગોની જાળવણી સહીતના કામો પર પણ વિપરિત અસર પડી છે. પાટનગર યોજના ભવનમાં નાયબ કાર્યપાલક ઈજનેરોને બઢતીના આધારે ભરતી કરાયા બાદ એસ ઓ ની ખાલી જગ્યાનો પ્રશ્ન હજુ પણ યથાવત છે. તંત્રના અધિકારીઓ માટે પણ આ સ્થિતિ શિરદર્દ સમાન બની છે.

પાટનગર યોજના વિભાગમાં છેલ્લા ત્રણ ચાર વર્ષથી વિવિધ ડિવિઝનલ કચેરીઓ ચાર્જમાં હોવાના લીધે વહીવટી કામગીરી પર વિપરિત અસર થઈ હોવાનુ સ્પષ્ટ થયુ છે. લાંબા સમયના અંતે પાટનગર યોજનાની વિવિધ ડિવિઝનલ કચેરીમાં નાયબ કાર્યપાલક ઈજનેરોની જગ્યા ભરતી કરવામાં આવી છે. જેના પરિણામે મોટાભાગની ખાલી જગ્યાએ નિમણુંક આપી દેવામાં આવી છે. પરંતુ મદદનીશ ઈજનેરોની મોટાભાગની જગ્યાઓ ખાલી છે. શહેરમાં ગટરલાઈન તેમજ રોડનેટવર્કની જાળવણીનુ કામ સંભાળતા ડિવિઝન ૩ તેમજ સબ ડિવિઝન ૨૬માં ૬ મદદનીશ ઈજનેરોની સામે માત્ર એક જ એસ ઓ છે. મેન પાવરના અભાવે તંત્ર માટે આ જવાબદારી નિભાવાનુ કામ અત્યંત મુશ્કેલ તેમજ શિરદર્દ સમાન બન્યુ છે. શહેરમાં હાલ ૫૦૦ કી મી ની ગટરલાઈન છે. જયારે ગટરલાઈનને અનુલક્ષી ૪૫૦૦૦ જેટલા મેન હોલ છે. બીજીતરફ શહેરના મુખ્ય માર્ગો સહીત સેકટરોના આંતરિક રસ્તાઓ પણ અંદાજિત ૬૧૩ કી મીનુ નેટવર્ક ધરાવે છે. આવા સંજોગોમાં જરૂરી મેન પાવરના અભાવે તંત્ર માટે ગટર તેમજ રસ્તાના જાળવણીના કામો ઉપરાંત આમ નાગરિકોની ફરિયાદો નિવારવાનુ કામ મુશ્કેલ બન્યુ છે.


**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

**ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે**

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com